RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 18 *Date: 07.11.2024,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# હાયર એજ્યુકેશન લોન પર ૭૫% ક્રેડિટ ગેરંટી મળશે:કેબિનેટે PM વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી



નવી દિલ્હીમાં બુધવારે મળેલી મોદી કેબિનેટની બેઠકમાઁ સ્ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. આમાં ભારત સરકાર ઉચ્ચ શિક્ષણ માટે ૭.૫ લાખ રૂપિયા સુધીની લોન પર ૭૫% ક્રેડિટ ગેરંટી આપશે૮ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા પરિવારના બાળકોને પણ ૧૦ લાખ રૂપિયા સુધીની લોન પર ૩% વ્યાજ સબસિડી આપવામાં આવશે. ૪.૫ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને પહેલેથી જ સંપૂર્ણ વ્યાજ સબસિડી મળી રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, આ યોજનાનો ઉદ્દેશ્ય મેરીટોરીયસ વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવાનો છે, જેથી પૈસા તેમના અભ્યાસમાં અડચણ ન બને.ઓક્ટોબર ૨૪: સરકાર સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ પર રૂ. ૧,૦૦૦ કરોડનો ખર્ચ કરશે ભારત સરકાર સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧,૦૦૦ કરોડનો ખર્ચ કરશે. તે પાંચ વર્ષમાં ખર્ચવામાં આવશે. ૨૦૨૫-૨૬માં ૧૫૦ કરોડ રૂપિયા, ૨૦૨૬-૨૭, ૨૦૨૭-૨૮ અને ૨૦૨૮-૨૯માં ૨૫૦ કરોડ રૂપિયા, ૨૦૨૯-૩૦માં ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિન વૈષ્ણવે આ માહિતી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ સમયગાળા દરમિયાન, આર્થિક બાબતોની સમિતિ (ઝઝઈછ) એ રેલવે મંત્રાલયના રૂ. ૬,૭૯૮ કરોડના બે પ્રોજેક્ટને પાસ કર્યા હતા.જેમાં નરકટિયાગંજ-રક્સૌલ-સીતામઢી-દરભંગા અને સીતામઢી-મુઝફ્ફરપુર સેક્શનમાં ૨૫૬ કિલોમીટરની રેલવે લાઈનને બમણી કરવામાં આવશે. એરુપાલેમ અને નામ્બુરુ વાયા અમરાવતી વચ્ચે ૫૭ કિમીની નવી રેલવે લાઈન નાખવામાં આવશે. તે એનટીઆર વિજયવાડા અને આંધ્ર પ્રદેશના ગુંટુર જિલ્લા અને તેલંગાણાના ખમ્મમ જિલ્લામાંથી પસાર થશે.બિહારમાં બમણું થવાથી નેપાળ અને ઉત્તર-પૂર્વ ભારત સાથે કનેક્ટિવિટી વધશે. ગુડ્સ ટ્રેનો તેમજ પેસેન્જર ટ્રેનોની અવરજવરમાં સગવડતા રહેશે. બંને યોજનાઓ ત્રણ રાજ્યો આંધ્રપ્રદેશ, તેલંગાણા અને બિહારના ૮ જિલ્લાઓને આવરી લેશે.૯ ઓક્ટોબરઃ ડિસેમ્બર ૨૦૨૮ સુધી ગરીબોને મફત અનાજ ૯ ઓક્ટોબરે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં રાજસ્થાન અને પંજાબના સરહદી વિસ્તારોમાં ૪૪૦૬ કરોડ રૂપિયાના રોકાણ સાથે ૨૨૮૦ કિલોમીટરના રસ્તાઓ બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી.જુલાઈ ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૮ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (ઁસ્-ય્દ્બછરૂ) અને અન્ય કલ્યાણકારી યોજનાઓ હેઠળ મફત ફોર્ટિફાઇડ ચોખાનો પુરવઠો ચાલુ રાખવા માટે પણ મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે તેના પર ૧૭,૦૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, જે સંપૂર્ણ રીતે કેન્દ્ર સરકાર ભોગવશે.૩ ઓક્ટોબરે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં રેલવે કર્મચારીઓ માટે ૭૮ દિવસના બોનસની જાહેરાત કરવામાં આવી હતી. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, સરકારે રેલવે કર્મચારીઓ માટે ૨૦૨૯ કરોડ રૂપિયાના ઉત્પાદકતા સાથે જોડાયેલા બોનસને મંજૂરી આપી છે.આ સિવાય મરાઠી, પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળીને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ભારત સરકારે ૨૦૦૪માં તમિલથી શરૂ કરીને શાસ્ત્રીય ભાષા શ્રેણીની સ્થાપના કરી હતી.૧૨ ઓગસ્ટઃ મોદી કેબિનેટે ૧૨ ઔદ્યોગિક શહેરોને મંજૂરી આપી મોદી સરકારના ત્રીજા કાર્યકાળની મંત્રી પરિષદની પ્રથમ બેઠક ૨૮ ઓગસ્ટે દિલ્હીના સુષ્મા સ્વરાજ ભવનમાં યોજાઈ હતી. આમાં કેન્દ્રીય આર્થિક બાબતોની કેબિનેટે ૯ રાજ્યોમાં ૧૨ નવા ઔદ્યોગિક સ્માર્ટ શહેરોને મંજૂરી આપી. ૧૦ રાજ્યોમાં ફેલાયેલા આ ૧૨ ઔદ્યોગિક સ્માર્ટ શહેરો અને ૭

## રાજ્યમાં ડૂબી જવાની ઘટનામાં ત્રણ લોકોના મોત, સુરતમાં બે યુવાનો, અમેરલીમાં એક કિશોર ડૂબ્યો

અમરેલી અને સુરત જિલ્લામાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમરેલીના સાવરકુંડલા અને સુરતના મહુવામાંથી ડૂબી જવાથી મોતના બનાવ સામે આવ્યા છે. સાવરકુંડલાના શેલણા ગામમાં સ્થાનિક તળાવમાં કિશોરના ડૂબી જવાની ઘટના સામે આવી છે. કિશોરના ડૂબવાની જાણ થતાં જ ગામના લોકો એકઠા થઈ ગયાં હતાં અને ફાયરની ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે, ફાયર વિભાગ તેને બહાર કાઢે ત્યાં સુધીમાં યુવકનું મૃત્યુ થઈ ચુક્યું હતું. બીજી બાજુ સુરતમાં નદીમાં ન્હાવા ગયેલા બે મિત્રોનું ડૂબી જવાથી મોત થયું છે. સાવરકુંડલાના શેલણા ગામમાં લગભગ ત્રણ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. સાવરકુંડલાના ઠવી ગામના આ યુવકની ઓળખ વિક્રમ જયસુખ કુકાવા તરીકે ઓળખ થઈ છે. યુવક પોતાના ફોઈના ઘરે શેલણા ગામે આવ્યો હતો. જ્યાં લગભગ ત્રણ વાગ્યાની આસપાસ બે-ત્રણ બાળકો ન્હાવા માટે પડ્યા હતાં. તે દરમિયાન આ કિશોર લપસીને તળાવમાં પડી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તરવૈયાઓ સહિત મોટી સંખ્યામાં લોકો તળાવે પહોંચી ગયા હતાં. જોકે, એકાદ કલાકની મહેનત છતાં કિશોર ન મળતાં તાત્કાલિક અમરેલી ફાયર વિભાગની ટીમને સંપર્ક કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમની એક કલાકની મહેનત બાદ કિશોરના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. બાદમાં તેને નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હોસ્પિટલમાં યુવકનું પોસ્ટમોર્ટમ કર્યા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે. ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર ફાઈટર, સાવકુંડલા મામલતદાર અને પોલીસ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. સમગ્ર ઘટનાથી મૃતકના પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

સુરત શહેરના નાનપુરા વિસ્તારમાં રહેતા બે મિત્ર રોશન પટેલ અને વિરલ ખલાસી સાંબા ગામે તેમના મામાને ત્યાં ખેતીના કામકાજ માટે આવ્યા હતા. ખેતીના કામકાજ બાદ બપોરે તેમના પિતરાઈ ભાઈઓ સાથે બંને જણા સાંબા ગામે આવેલી અંબિકા નદી પારના બામણીયા ભૂત મંદિરે દર્શન કરવા ગયા હતા.

## UPના હરદોઈમાં અકસ્માતમાં ૧૦ના મોતઃઓટો રીક્ષા પલટી જતા પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે કચડી નાંખ્યા

યુપીના હરદોઈમાં ટ્રક અને ઓટો રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા હતા. ૫ ગંભીર છે. મૃતકોમાં ૬ મહિલાઓ અને ૨ બાળકો, એક યુવતી અને એક પુરૂષ સામેલ છે. તમામ લોકો ઓટો રીક્ષામાં સવાર હતા.ટક્કર એટલી જોરદાર હતી કે ઓટો રીક્ષા ઉછળીને દૂર પડી હતી. રીક્ષા પલટી જતા અંદર બેઠેલા મુસાફરો બહાર પટકાયા હતા. રસ્તા પર મૃતદેહો વેરવિખેર પડ્યા હતા. આ અકસ્માત બુધવારે બપોરે બિલગ્રામ પોલીસ સ્ટેશનના રોશનપુર ગામ પાસે થયો હતો.પોલીસનું કહેવું છે કે ઓટો બિલગ્રામ તરફ જઈ રહી હતી. અચાનક તે બેકાબૂ થઈને રોડ પર પલટી ગઈ હતી. આ દરમિયાન સામેથી પૂરપાટ ઝડપે આવતા ટ્રકે ઓટોને ટક્કર મારતા મુસાફરોને કચડી નાખ્યા હતા. ઘટના બાદ ટ્રક ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ઓટો રીક્ષામાં ૧૫ પેસેન્જરો સવાર હતા, તેથી જ અકસ્માત થયો એસપી નીરજ કુમાર જાદૌને કહ્યું- દુર્ઘટનાની માહિતી બપોરે ૧૨.૩૦ વાગ્યે મળી હતી. હું ઘટનાસ્થળે પહોંચી ગયો. ઘાયલોને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ઓટોમાં ૧૫ લોકો સવાર હતા. જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. જે પણ દોષિત હશે તેની સામે કાર્યવાહી કરીશું.નજરેજોનારે કહ્યું- ઓટો રીક્ષા ઢસડાતી ગઈ... રસ્તા પર લોહી જ લોહી હતું અકસ્માતને નજરેજોનારે કહ્યું- ઓટોમાં ૧૫ મુસાફરો હતા. તે પૂરપાટ ઝડપે જઈ રહી હતી, આ દરમિયાન અચાનક તે રસ્તા પર પલટી ગઈ. સામેથી આવતા ટ્રકે તેને કચડી નાખ્યો હતો. ઓટો રસ્તા પર લાંબે સુધી ઢસડાઈ હતી. રસ્તા પર લોહી જ લોહી હતું. આટલો ભયંકર અકસ્માત જોઈને અમે કંઈ સમજી શક્યા નહીં. આ પછી પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામેલા લોકોમાં નાના બાળકો પણ સામેલ હતા.અમે વચ્ચે બેઠા હતા...તેથી જ અમે બચી ગયા અકસ્માતમાં ઘાયલ થયેલા સંજયે જણાવ્યું કે તે માધોગંજથી બિલગ્રામ જવા માટે ઓટોરીક્ષામાં બેઠો હતો.




રોશનપુર નજીક, સામેથી આવી રહેલા ટ્રકે બાઈક સવારને ટક્કર મારતા ઓટોને કચડી નાખી હતી. મારો મિત્ર અને ભત્રીજો ઓટોમાં હતા. તે પણ ઘાયલ છે. અમે વચ્ચે બેઠા હતા એટલે બચી ગયા. જ્યારે અકસ્માત થયો ત્યારે હું કંઈ સમજી શક્યો નહીં. થોડીવાર પછી ચારેબાજુ મૃતદેહો પડ્યા હતા. અમે પણ રસ્તા પર પડ્યા હતા.મૃત્યુ પામેલાઓમાં માતા અને પુત્રી સામેલ પોલીસે કહ્યું- હજુ સુધી મૃતકોમાંથી માત્ર ૭ની ઓળખ થઈ શકી છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સેલિબ્રિટીઓના પ્રચારનું ખાસ મહત્ત્વ નથી, અનેક હસ્તીઓ પર મસ્ક એકલા ભારે પડ્યા



અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. ડૉનાલ્ડ ટ્રમ્પ ની સવારી વાજતે-ગાજતે વ્હાઈટ હાઉસ પહોંચી ગઈ છે. ચૂંટણી-પ્રચાર દરમિયાન સિનેમા અને સંગીત ક્ષેત્રની દિગ્ગજ સેલિબ્રિટીઓએ કમલા હેરિસ ના પક્ષમાં મતદાન કરવાની અપીલ કરી હોવાથી ચૂંટણીનું પરિણામ હેરિસના પક્ષમાં આવશે એવી સૌની ગણતરી ખોટી પડી છે. અને એ સાથે જ એ પણ સાબિત થઈ ગયું છે કે, અમેરિકાની ચૂંટણીઓમાં સેલિબ્રિટીઓ દ્વારા કરાતો પ્રચાર ઝાઝું મહત્ત્વ ધરાવતો નથી. હોલિવૂડની વાત કરીએ તો એક આખી ફૌજ કમલા હેરિસના પક્ષમાં હતી, જેમાં જુલિયા રોબર્ટ્સ, મેરિલ સ્ટ્રીપ, જ્યોર્જ ક્લુની, જેનિફર એનિસ્ટન, આર્નોલ્ડ શ્વાર્ઝેનેગર, સેમ્યુઅલ એલ. જેક્સન, જેનિફર ગાર્નર અને ટાયલર પેરી જેવા ધરખમ અદાકારો સામેલ છે. સંગીત ક્ષેત્રની બિયોન્સે, ટેલર સ્વિફ્ટ, જેનિફર લોપેઝ, એમિનેમ, અશર, લિઝો, ક્વોવો, મેગન સ્ટેલિયન, બ્રુસ સ્પ્રિન્ગસ્ટીન અને સ્ટીવી વન્ડર જેવી હસ્તીઓ હેરિસ સાથે હતી. આ ઉપરાંત ઓપ્રાહ વિન્ફ્રે, મેજિક જોહ્ન?સન અને લેબ્રોન જેમ્સ જેવી હસ્તીઓનો પણ હેરિસને પૂરો સપોર્ટ હતો. કમલા હેરિસની સરખામણીમાં ટ્રમ્પના સમર્થનમાં ઓછી સેલિબ્રિટીઓ ઊભી હતી અને જે હતી એમાંની ઘણી એવી હતી જેની કરિયર લગભગ પૂરી થઈ ગઈ હતી. ટ્રમ્પ સમર્થકોના નામ જોઈએ તો, મેલ ગિબ્સન, ઝાચેરી લેવી અને ડેનિસ ક્વેઈડ જેવા અભિનેતાઓ, જેસન એલ્ડેન, કાન્યે વેસ્ટ, લી ગ્રીનવુડ અને કિડ રોક જેવા સંગીતજ્ઞો તથા હલ્ક હોગન અને રસેલ બ્રાન્ડ જેવી હસ્તીઓએ ટ્રમ્પનો સાથ આપ્યો હતો. ટ્રમ્પને પડખે ઊભા રહેનારાઓમાં સૌથી મોટું અને જાણીતું નામ હતું અબજોપતિ બિઝનેસમેન ઈલોન મસ્કનું.

## વડતાલ દ્વિશતાબ્દી મહામહોત્સવ : દેશ-વિદેશથી ૨૫ લાખ હરિભક્તો ઉમટશે, જાણો ૯ દિવસનો કાર્યક્રમ

ખેડા જિલ્લાના યાત્રાધામ વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવની સ્થાપનાના ૨૦૦ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે સ્વામીનારાયણ સંપ્રદાય દ્વારા આ પ્રસંગે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે વડતાલમાં દ્વિશતાબ્દી મહોત્સવ યોજવામાં આવશે. જેની તૈયારીઓ પણ ચાલી રહી છે.વિક્રમ સંવત ૧૮૮૧ કારતક સુદ બારસના દિવસે વડતાલમાં શ્રીહરીના સ્વહસ્તે ગર્ભગૃહોમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી મચ્છ, શ્રી કચ્છ, શ્રી નૃસિંહ વગેરે ભગવત સ્વરૂપોની પ્રતિષ્ઠા થઈ હતી. જેને આજે સંવત ૨૦૮૧માં કારતક માસમાં ૨૦૦ વર્ષ પૂર્ણ થયા છે. જે નિમિત્તે સ્વામિનારાયણ સંપ્રદાયના વર્તમાન આચાર્ય રાકેશપ્રસાદ મહારાજની નિશ્રામાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જે ૯ દિવસ ૭ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી ચાલશે. જેમાં દેશ-વિદેશથી અંદાજિત ૨૫ લાખથી વધુ હરિભક્તો ઉપસ્થિત રહેશે.વડતાલમાં દ્વિશતાબ્દી મહોત્સવ આવતીકાલથી શરૂ થશે. ૮૦૦ વીઘા જેટલી વિશાળ જગ્યામાં આ ઐતિહાસિક ઉત્સવ ઉજવવામાં આવશે. હૈદરાબાદથી કુશળ કારીગરો વડતાલ લાવવામાં આવ્યા હતા. જેમના દ્વારા ૧૯૨૧૦ સ્કવેર ફૂટના મંડપ બનાવવામાં આવ્યો. આ મહોત્સવનું વડાપ્રધાનથી લઈને મંત્રી, ધારાસભ્ય, ફિલ્મ અભિનેતાઓ અને નાનામાં નાના વ્યક્તિઓને હેતથી આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ મહોત્સવમાં વિદેશમાં વસતા સ્વામિનારાયણ સંપ્રદાયના હજારો હરિભક્તો ભારત આવી રહ્યા છે. જેમાં યુરોપ, ઈસ્ટ આફ્રિકા, કેનેડા, સિંગાપોર, હોગકોંગ, ઓસ્ટ્રેલિયા, લંડન, ન્યુઝીલેન્ડ, દુબઈ વગેરેનો સમાવેશ થાય છે. એક અંદાજ મુજબ આ ૯ દિવસના મહોત્સવ દરમિયાન ૨૫ લાખથી વધુ હરિભક્તો ઉમટશે. જે માટેની તમામ તૈયારીઓનો આખરી ઓપ અપાઈ ચૂક્યો છે. સ્વામીનારાયણ સંપ્રદાયના ૫૦૦ જેટલા સ્વયંસેવક ભાઈઓ અને બહેનો દ્વારા વિવિધ સેવા કરાઈ રહી છે. મીઠાઈ, ફરસાણ અને વિવિધ અથાણાં બનાવવામાં આવી રહ્યા છે. જયારે વિશાળ મંડપમમાં ગોઠવવામાં આવનાર વિવિધ વાનગીઓને શણગારવા માટે મમરાના ૨૦ હજાર હાર બનાવવામાં આવી રહ્યા છે. ઉપરાંત તલના હાર પણ બનાવવામાં આવી રહ્યાં છે. સુરતથી આવેલી ૮૦ જેટલી મહિલાઓ ભારે ભક્તિ ભાવથી આ સેવા બજાવી રહી છે. જોકે, હજારોની સંખ્યામાં વિદેશથી આવેલા હરિભક્તો વડતાલ ધામ આવી પહોંચ્યા છે અને તેઓ પણ સેવામાં લાગી ચૂક્યા છે.વડતાલ મંદિરના મુખ્ય કોઠારી ડૉ. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'તારીખ ૭ નવેમ્બર ગુરૂવારના રોજ સવારે ૮: ૦૦ કલાકે વલેટવા ચોકડીથી મહોત્સવ પરિસર સુધી વિશાળ પોથીયાત્રા યોજાશે.

## તંત્રી સ્થાનેથી..

# સરકારી સબસિડી ચિંતાનો વિષય

ગવર્નર શક્તિકાંત દાસે બુધવારે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ આપવામાં આવતી સબસિડી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર અને રાજ્યો દ્વારા મૂડી ખર્ચ સતત વધી રહ્યો છે, પરંતુ વધુ પડતી સબસિડી પાછળ થતો ખર્ચ ચિંતાનો વિષય છે.મુંબઈમાં આયોજિત સમિટમાં દાસે જણાવ્યું હતું કે, 'સબસિડીનો ખર્ચ ઘણો વધારે છે અને પ્રથમ ત્રિમાસિકમાં સરકારી ખર્ચ જીડીપીને નીચે ખેંચી રહ્યો છે. સરકારી ખર્ચ વધી રહ્યો છે. કેન્દ્ર અને રાજ્યોની આવક અને મૂડી ખર્ચ બંને વધી રહ્યા છે. જે જીડીપી માટે ચિંતાનો વિષય છે.'જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં સરકારી સબસિડી માટે ચૂકવણીમાં વધારો થયો છે. સરકારે ૠ૨૫માં ફૂડ સબસિડી માટે રૂ. ૨,૦૫,૨૫૦ કરોડનું બજેટ રાખ્યું છે. જે ૨૦૨૩-૨૪ના રૂ. ૨,૧૨,૩૩૨ કરોડના સુધારેલા અંદાજ કરતાં ૩% ઓછું છે. સરકારે રવિ સિઝન માટે પોષક તત્વો આધારિત ખાતર સબસિડી માટે રૂ. ૨૪,૪૭૫.૫૩ કરોડની જોગવાઈ પણ કરી છે.ભારતીય અર્થતંત્ર એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ૬.૭ ટકા વધ્યું હતું, જે આરબીઆઈના ૭.૧ ટકાના અનુમાન કરતાં ઓછો હતો. ૨૦૨૪-૨૫ (ઊર ૨૦૨૪-૨૫)ના જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક માટે ય્ઁ ગ્રોથ અંદાજ ૨૯ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે. દાસે કહ્યું કે વધુ પડતો સબસિડી ખર્ચ જીડીપી પર અસર કરશે.આરબીઆઈએ ભારતનો ૨૦૨૪-૨૫નો જીડીપી ગ્રોથ રેટ ૭.૨ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે.

# ગુજરાતમાં કુલ ૬,૬૧૭ એક્સ્ટ્રા બસો દ્વારા, એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂ. ૧૬ કરોડથી વધુની આવક મેળવી



દિવાળીના તહેવારો ધ્યાને લઈને ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા તા.૨૯ ઓક્ટોબરથી ૦૪ નવેમ્બર ૨૦૨૪ સુધી ગુજરાતમાં કુલ ૬,૬૧૭ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી, જેમાં એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂ. ૧૬ કરોડથી વધુની આવક એસ.ટી નિગમે કરી હતી આ ઉપરાંત ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોનું તેમજ રૂ.૩.૧૫ કરોડનું બુકિંગ કરીને અત્યાર સુધીના એડવાન્સ બુકિંગનો રેકોર્ડ સ્થાપ્યો હતો, સાથોસાથ સુરત ખાતેથી સૌથી વધુ ૧,૩૫૯ એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરી નિગમે ૮૬,૫૯૯ જેટલા મુસાફરોને સમયબદ્ધ પોતાના વતન પહોંચાડી કુલ રૂ.૨.૫૭ કરોડની આવક કરી હતી, એમ માર્ગ પરિવહન વિભાગની યાદીમાં જણાવાયું છે.


યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં મુસાફરોને યોગ્ય – પુરતી સુવિધા આપવા એસ.ટી નિગમ નિરંતર પ્રયાસ કરી રહ્યું છે. ગુજરાતના નાગરીકોએ પોતાના માદરે વતન સહીત વિવિધ સ્થળોએ જવા માટે એસ.ટીની સલામત સવારી અપનાવે છે, જેના ભાગરૂપે તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગે ૮૫,૪૩૭ ટિકિટો બુક કરીને રૂ.૨.૦૦ કરોડથી વધુની આવક મેળવી છે, તા.૩૦ ઓક્ટોબરના રોજ ૮૩,૪૨૬ સીટો દ્વારા રૂ.૧.૯૬ કરોડથી વધુ, તા.૩૧ ઓક્ટોબરના રોજ ૮૨,૧૯૦ સીટો દ્વારા ૧.૯૨ કરોડથી વધુ, તા.૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૯૪,૦૧૮ સીટો દ્વારા રૂ. ૨.૧૬ કરોડથી વધુની આવક, તા.૨ નવેમ્બરના રોજ ૧,૦૨,૩૧૪ સીટો દ્વારા રૂ.૨.૨૭ કરોડ, ૩ નવેમ્બરના રોજ ૧,૨૮,૮૪૧ સીટો દ્વારા રૂ.૨.૮૪ કરોડથી વધુ તેમજ સૌથી વધુ ૪ નવેમ્બરે ૧,૪૧,૪૬૮ સીટોના બુકિંગ સાથે નિગમે રૂ.૩.૧૫ કરોડથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## દહેગામના શિયાવાડા ગામે મેશ્વો નદીમાં આવી ચઢેલા મગરનું રેસ્ક્યૂ કરાયું

દહેગામ તાલુકાના શિયાવાડા ગામેથી પસાર થતી મેશ્વો નદીમાં પડતર દિવસે મગર દેખાતા તેની જાણ ગ્રામજનોએ વન વિભાગને કરી હતી ત્યારબાદ વન વિભાગની ટીમ મેશ્વો નદી કિનારે આવી પહોંચી ભારે જહેમત બાદ મગરને સલામત રીતે રેસ્ક્યુ કરીને પકડી લીધો હતો રેસ્ક્યુ કરાયેલા મગરને ખેડા જિલ્લાના આતરસુંબાના વાત્રક ડેમમાં સલામત રીતે મુક્ત કર્યો હતો.દહેગામ તાલુકાના શિયાવાડા ગામેથી પસાર થતી મેશ્વો નદીમાં પડતર દિવસે મગર દેખાતા ગ્રામજનો ગભરાઈ ગયા

## દાહોદમાં માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસથી

# માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે ંવેદનશીલ કામગીરી કરનાર દાહોદ જિલ્લા પોલીસને અભિનંદન પાઠવતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી



દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતાપૂર્વક મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઈવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા શ્રી રાજદિપસિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે.લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરિંગના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા. દાહોદ જિલ્લામાંથી પસાર થતા ધોરી માર્ગો ઉપર સર્જાતા ગંભીર અકસ્માતો અટકાવવા માટે જીલ્લામાં ફાળવેલી ઇન્ટરસેપ્ટર વાન દ્વારા હાઈવે પેટ્રોલીંગ રાખી સ્પીડ ગનના માધ્યમથી હેલ્મેટ, ઓવર સ્પીડ, રોંગ સાઇડના કેસ ઉપરાંત બ્રેથ એનલાઇઝરની મદદથી ડ્રંક એન્ડ ડ્રાઇવના મહત્તમ કેસ કરવામાં આવ્યા છે. તેની સાથોસાથ જિલ્લાના સીસીટીવી નેટવર્ક એવા નેત્રમ મારફતે વધુમાં વધુ ઇ-ચલણના કેસ કરવામાં આવી રહ્યા છે. જેનાથી ટ્રાફિક સબંધી ગુન્હાઓ, ટ્રાફિક પેટર્ન, ડ્રાઈવિંગ બિહેવીયર, રોંગ સાઈડ સ્પોટ, રાત્રે બ્લેક સ્પોટ આઉટ કરવા સહિતની વિશેષ કામગીરી કરવામાં આવી. બીજી તરફ દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં દાહોદ પોલીસ દ્વારા સેમીનાર, રેલી તેમજ પેમ્ફલેટ વિતરણ કરી ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.દાહોદ જીલ્લા પોલીસ દ્વારા વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ઓવર સ્પીડના ૧૫,૦૬૫ કેસો, રોંગ સાઇડ ડ્રાઈવીંગના ૧૩,૩૭૨ કેસ, રશ ડ્રાઈવિંગના ૧૫૩૮ કેસ અને ડ્રંક એન્ડ ડ્રાઇવના કેસ કરીને ટ્રાફિક નિયમનનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે.દાહોદ જિલ્લા પોલીસ, વહીવટી તંત્ર તેમજ દાહોદ આર.ટી.ઓ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ અસરકારક કામગીરીને પરિણામે વર્ષ-૨૦૨૪માં માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર ૮૫ બનાવોનો ઘટાડો લાવવામાં સફળતા મળી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે અકસ્માતના બનાવોમાં થયેલા ઘટાડા સાથે દાહોદ પોલીસ કુલ ૬૯ માનવ જીવન બચાવી શકી છે.

# આ ચૂંટણીમાં લેખક, કવિ, કોલમિસ્ટ પત્રકારોએ ન્યુનતમ એકાવન અને મહતમ એકસો બ્યાંશી ટિકિટોની માંગણી કરી . નહીંતર

"આટલા વરસ તમારી મનમાની બહુ સહન કરી. તમે તમારી આંગળીએ અમને નચાવ્યા. તમે રાત કહ્યું તો રાત અમે રાત કહ્યું. તમે દિવસ કહ્યો તો દિવસ કહ્યો. તમારા ચશ્માથી વિકાસ જોયો. તમે જેમને મિત્ર માન્યા તેને અમે મિત્ર માન્યા.,તમે જેમને દુશ્મનમાન્યા તેને અમે દુશ્મન માન્યા. તમારા ઉધોગપતિ મિત્રોને અમારા માન્યા. તમે કહ્યું ત્યારે તમારો ગગનભેદી જયજયકાર કર્યો.,તમને ફૂલડે વધાવ્યા . તમારા રોડશોમાં તડકો વેઠીને ખડા પગે ઉભા રહ્યા. તમારી સભામાં પાણીની વ્યવસ્થા ન હોય તો તરસે મર્યા. ફૂડપેકેટ ન હતા તો ભૂખે મર્યા. સભામાંથી પાછા જવા બસ ન હતી તો ગાંઠના ફદિયા ખર્ચી અમારા ઘરે ગયા. તમે કહ્યો તેનો પરાજયકાર કર્યો. તમારા વિરોધીઓને ખાંસડા પહેરાવ્યા. (તેની સાથે અમારે કયાં કોઇ દુશ્મની હતી કે છે??)તમારા આંતરિક- બાહ્ય વિરોધીઓના પોસ્ટરો ફાડ્યા, જૂતા માર્યા. વિરોધીના પૂતળા ફૂંક્યા!! તમને ભારે બહુમતીથી જીતાડયા. તમારા વિજય સરઘસ કાઢ્યા. તમને અમારા ખભે બેસાડ્યા.તમને અમારા હ્રદય સમ્રાટ માન્યા. અમારા માઈબાપ માન્યા.અમારા હિતરક્ષક માન્યા!! આ બધું શેના માટે કર્યું?? તમે વિધર્મીના બાહુલ્યની બીક બતાવી.તમે અમને રિટર્ન ગિફટમાં ભાવવધારો, બેરોજગારી, ટેકસવધારો આપ્યો!!

દર પાંચ વરસે તમે ગીધની જેમ હાથ જોડી કુટિલ સ્મિત કરી , અમારા ચરણસ્પર્શ કરી મતો માંગ્યા. અમે તમારી લાયકાત, સંકલ્પપત્ર,મુદાઓ જોયા વગર ભાવનામાં તણાઈને તમારા ચહેરા પર મતપેટી -ઈવીએમ છલકાવ્યા. તમે પણ ગોઠવણ કરી મતદારની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં જીત્યા . ચારેકોર અમૃતકાળ ઉજવાયો. તમારા વિરોધીને તમારા કહેવાથી અસુર તરીકે ચિતર્યા!!!

અમે જે કાંઇ કર્યું તેનો તમને કદર કે ગણપાઠ છે?? તમે અમને નંબર જ માન્યા છે. સતાની સીડી ચડવા માટે અમારો પગથિયા તરીકે ઉપયોગ કર્યો. અમારા મસ્તક તમારા પગ લૂંછયા. અમે તમારા માટે પગલૂંછણિયાથી વિશેષ કંઇ ન હતા. અમે શકટનો ભાર શ્વાન તાણે એમ ફોગટ ફૂલાયા. અમને પ્રાઈમસની જેમ તમે પંપ માર્યા અમારા ઝૂંપડા એના એ રહ્યા. અમે પોતાનાથી ઠગાયા . અમે છેતરાયા. અમારી પીઠમાં છરા, ખંજર, કટારી ,તીર , તલવાર ભોંકાય!!! અમને બાબાજીકા ઠુલ્લું મળ્યા!!!હકીકત એ છે કે તમે અમને તમારા જિહ્વાથી માન્યા પણ દિલથી અમને તમારા કદી માન્યા જ નહીં!!

હવે ચૂંટણીની મોસમ આવી છે. અમે અમારો ઉલ્લુ સીધી આંગળીએથી ન નીકળે તો વાંકી આંગળી કરીશું "એક નાત નરરત્ન તેનો આક્રોશ ઠાલવી રહ્યા હતા! તમામ નાતો જોતો દાળની માફક દાજે છે અને ભયંકર ઉકળે છે. દારુની ભઠ્ઠીમાં દારુ ઉકળે એમ અસંતોષ ભયંકર ઉકળે છે. આ પાર કે પેલે પારના હાકલાપડકારા દેવાઇ રહ્યા છે.,આખરે નાતરિસ્પેકટ નામની કોઇ ચીજ હોય કે નહીં?? કયાં સુધી યુઝ એન્ડ થ્રોની નીતિ સહન કરવાની??

ચૂંટણીમાં નાતજાત જોવાની નથી અને માત્ર લાયકાતના આધારે ટિકિટોની લ્હાણી કરવામાં આવે છે તે એક વિશ્રંભકથાથી વિશેષ કથા નથી. પાછલી ચૂંટણીમાં અમે પ્રજાપતિ સમાજે પચાસ બેઠકો માંગી હતી. એની સામે સમ ખાવા એક ટિકિટ મળી. તમે લોકો તમારા મનમાં શું સમજો છો? પ્રજાપતિ સમાજનો આંકડો કાઢી નાંખશો તો અમે તમારા માટલા ફોડી નાંખીશું . આ ચૂંટણીમાં પાંત્રીસથી એક પણ એટલે કે ચોત્રીસ પણ નહી અને છત્રીસ ટિકિટ સ્વીકારીશું નહીં.આને સમાજનો ફતવો કેઅલ્ટીમેટમ ગણી લેવો.

પ્રજાપતિ સમાજ માટલા ફોડે પછી ભગવાન પરશુરામના વંશજો ખાંડા ખખડાવ્યા વિના ખામોશ રહે તેમ માનો છો?? ભગવાન પરશુરામે પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રિય કરી હતી તમે કયા વિસાતમાં છો!!પાછલી ચૂંટણીમાં વિપ્ર સમાજને ટિકિટ ફાળવણીમાં કરેલ અન્યાયનો બદલો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે લઇશું!!સાડા છ કરોડની વસ્તીમાં જેટલી ટકાવારી છે તે મુજબ કમસેકમ અઢાર ટિકિટ મળશે તો જ "વિજયી ભવો"ના આશીર્વાદ આપશું. નહીં તો દટણ સો રટણ માયા સો માટીનો શ્રાપ આપીશું સાનમાં સમજી જજો!!

એક પછી એક સમાજ ચૂંટણીમાં ટિકિટ માટે ત્રાગા કરે તો પછી લેખક, કવિ, કોલમિસ્ટ પત્રકારબંધુ ઝાલ્યા રહે?? આ ભાંડભવાયા ચાટુકાર સમાજે પણ ન્યુનતમ એકાવન અને મહતમ એકસો બ્યાંશી ટિકિટો ફાળવવાની ફિકકાફસ તંત્રીલેખ, કળપતી કોલમ અને ઉંબાડિયા જેવા સમાચાર સમાન માંગણી કરી છે. નહીંતરપપ નહીંતર પ..

આ સમાજ મતદાન કરીને ચૂંટણી લડયાનો આનંદ માણશે!!

ભરત વૈષ્ણવ

# જાણવા જોગ પત્ર

પ્રતિશ્રી મુખ્યમંત્રીશ્રી ગુ.રા. ગાંધીનગર

બાબતઃ- રાજકોટ ડી.કો.બેકંના ચેરમેન જયેશભાઇ રાદડીયા બે લાખ ખેડુતોને ઝીરો ટકા વ્યાજે લોન આપવાની જાહેરાત કરી તેથી જયેશભાઇ અભીનંદનને પાત્ર છે અને સરકારનુ નાક કાપી લીધાં જેવી ઘટના છે તેથી સરકારે? બોધપાઠ લેવો જરૂરી છે તેથી સરકાર સર્વેના આંકડા લેવાનું બંધ કરે,પાકો નિષ્ફળ જવાથી તાજેતરમાં રાજકોટ અને જુનાગઢ જીલ્લામાં બે ખેડુતોએ આપઘાત કર્યા તે પુરાવો કાફી છે તેમજ તમામ ખેડૂતો પરીવારનું ભરણપોષણ કેમ કરવું તેવી ચિન્તામા જીવતાં મરેલા સમાન છે તેમજ ખેડુતો ભગવાન ભરોસે અને પોતાના વીલ પાવરથી જીવે છે તેથી સર્વેની ભવાઇ કરવી તે ખેડુતોને મામા બનાવવાની વાત છે તેથી સરકાર તમામ ખેડૂતોનુ ત્રણ લાખનુ દેવું માંડવાળ કરે અને સરકાર ખેડૂતોને પાંચ લાખ રૂપિયા ઝીરો ટકા વ્યાજે આપે,તેમજ ભાવનગર અને અમરેલી ડી.કો-ઓ બેકં તમામ ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે એક લાખની લોન આપે અને તમામ સરકારી,સહકારી અને પ્રાઈવેટ બેંકો ખેડુતોને ત્રણ લાખની લોન ઝીરો વ્યાજે આપે તેવું સરકાર યુધ્ધના ધોરણે કરી આપે તો ખેડુત લક્ષી સરકાર ગણાય તેમજ ભાવનગર જીલ્લાના ખેડુતોની કફોડી હાલત હોવા છતાં જીલ્લાના એક પણ ધારાસભ્ય ખેડુતો બાબતે એક શબ્દ બોલવા તૈયાર નથી તે પરીણામ ભોગવવાં પડશે તેમજ ખેડૂતની ભગીની સંસ્થા ભારતીય કિસાન સંઘ ખેડુતોને સુતાં મેલીને ભાજપ સાથે ઇલુઇલુના સુંવાળા સંબંધો ધરાવે છે તેવી ખેડુતો જાહેરમા ચર્ચાઓ કરે છે.તેમજ ભાવનગર ડીસ્ટીક કોર્પોરેટી ઓપોર્રેટી બેંક ખેડુતોને લોન આપી દસ્તાવેજી પુરાવા નાશ કરે છે અને પાછળથી નોટીસો ફટકારી મસમોટી રકમ વસુલ કરવા હુકમો કરે છે અને બન્ને જીલ્લાની ડીસ્ટીક કોર્પોરેટી ઓપોર્રેટી બેંકોના નેતાઓ અને બાબુઓ ખેડુતોનુ અબજો રૂપિયાનુ ખોટું કરી સગેવગે કરવામાં નંબર વન છે અને બન્ને બેંકો પવનચક્કી બનાવતી કંપનીઓની તરફેણ કરે છે તેથી આ બેંક પવનચક્કી બનાવતી કંપનીઓની બેંક છે કે ખેડુતોની તેની તટસ્થ તપાસ કરાવો તો મોટાં કૌભાંડો બહાર આવે તેમ છે તે બાબત.

સવિનય સાથે જણાવવાનું કે આ વર્ષે ગુજરાતના મોટાભાગના જીલ્લાઓ?મા અતી વરસાદ થયો છે તેમજ ભાવનગર જીલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં સતત ૭૦ થી ૮૨ દિવસ વરસાદ અને છેલ્લે માવઠાનો વરસાદ વિગેરેએ ખેતીપાકોમા કલ્પના ન કરી શકાય તેવુ નુકશાન થયું છે છતાં સરકાર સર્વના ગતકડાં અને ગેંગેફેંફે કરવામાં રહી ત્યાં ખેડુતોની ચિંતા જેને બાપ દાદાના વારસામાં મળી તેવાં જયેશભાઇ રાદડીયાએ બે દિવસ પહેલા રાજકોટ ડી.કો-ઓ.બેકંના ચેરમેન જયેશભાઇ રાદડીયાએ કોઇપણ જાતના સર્વે વગર એક ઝાટકે રાજકોટ અને મોરબી જિલ્લાના બે લાખથી વધારે ખેડુતોને કોઈપણ જાતની ઝંઝટ વગર પસાચ હજારની લોન ઝીરો વ્યાજે આપવાની જાહેરાત કરી અને બન્ને જીલ્લાના ખેડુતને કોઇપણ જાતની મુશ્કેલી પડે તો બેકંના પગથીયા ચડી જવા ચુચન કર્યું તે શીખ સરકારે લેવા જેવી છે તેથી જયેશભાઇ રાદડીયાએ ગુજરાત સરકાર અને કૃષિ વિભાગનુ નાક કાપી લીધાં જેવી ઘટના છે તેથી સરકાર અને કૃષિ વિભાગ યુધ્ધના ધોરણે ફેર વિચારણા કરી ભાવનગર જીલ્લાને સતત વરસાદ અને માવઠાંની નુકશાનીથી જીલ્લાનાં તમામ ખેતીપાકોમા સરકારની ગ્રાઇડ લાઇન પ્રમાણે કરતાં અનેક ગણું વધારે નુકશાન થયું છે તેથી ભાવનગર જીલ્લાને વહેલીતકે અલગથી ઉંચુ સહાય પેકેજ જાહેર કરો તેમજ છેલ્લા ત્રીસ વર્ષથી ખેડુતોને લૂંટનારી ભાવનગર અને અમરેલી જીલ્લાની? ડીસ્ટીક કોર્પોરેટી ઓપોર્રેટી બેંકોએ બન્ને જીલ્લાના ખેડુતોને એક લાખ રૂપિયાની લોન ઝીરો વ્યાજે આપે તેવા કડક આદેશ કરો તેમજ સરકારી અને પ્રાઈવેટ બેંકો દરેક ખેડૂતને રાજકોટની જેમ કોઇપણ જાતની ઝંઝટ વગર ત્રણ લાખ રૂપિયાની લોન ઝીરો વ્યાજે આપે અન્યથા બન્ને જીલ્લાના ખેડુતો આક્રોશમાં આવી ઉગ્ર આંદોલનો કરશે તો બાંગ્લાદેશ જેવી પરીસ્થીતી કાબુ બહાર થશે અને સરકારને શેખ હસીનાની જેમ ભાગવું પડશે તેવાં સંકેતો દેખાય રહ્યા છે તેથી ભાવનગર જિલ્લાના તમામ ખેડૂતોને પાક નુકશાનની સહાય પેકેજના રૂપમા જાહેર કરો તેમાં સરકારની ભલાઇ છે તેમ વાળા ભરતસિંહ પોપટભા તરેડી પ્રદેશ પ્રમુખ ખેડુત કલ્યાણ સંગઠન ગુજરાત જણાવી રહ્યા છે

નકલ રવાના

માનશ્રી કૃષિમંત્રીશ્રી ગુ.રા. ગાંધીનગર

માનશ્રી રાજ્યસભાના સાંસદશ્રી અને કોંગ્રેસ પક્ષના પ્રદેશ પ્રમુખ રાજીવ ગાંધી ભવન અમદાવાદ

માનશ્રી નિયામકશ્રી ખેતી ખેડુત કલ્યાણ વિભાગ ગાંધીનગર

માનશ્રી સાસંદશ્રી ભાવનગર-અમરેલી

માનશ્રી ધારાસભ્યોશ્રી મહુવા-તળાજા-પાલીતાણા-ઘોઘા વિગેરે

માનશ્રી જીલ્લા કલેકટર સાહેબ ભાવનગર

માનશ્રી જીલ્લા ખેતીવાડી અધિકારી જીલ્લા પંચાયત ભાવનગર

માનશ્રી જીલ્લા ખેતીવાડી નિયામક બહુમાળી ભવન ભાવનગર

માનશ્રી જીલ્લા ભા.ડી.કો-ઓ બેકંના પ્રમુખશ્રી અને મેનેજર સાહેબ ગંગાજળીયા તળાવ ભાવનગર

માનશ્રી ડે.કલેકટર સાહેબ મહુવા-તળાજા


માનશ્રી મામલતદાર સાહેબ મહુવા-તળાજા

માનશ્રી ભા.ડી.કો-ઓ બેંક શાખા મેનેજર મહુવા-ભાદ્રોડ

માનશ્રી ખેતીવાડી વિસ્તરણ અધિકારી મહુવા-તળાજા




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:158**
વિષય: વંશવેલો
શીર્ષક વંશવૃદ્ધિ
પ્રકાર:ગદ્ય શબ્દો:૧૯૦

વંશવેલો એટલે આપણાં પરદાદા,દાદા,
તેમના પુત્ર આપણા પિતા તેમના પુત્ર આપણે,આપણા પુત્ર તેના પુત્ર આમ વંશરૂપી વેલો આગળ વધતો વધતો રહે.

શિવ અને શક્તિ આદિકાળથી છે,સ્ત્રી પુરુષ વિના દુનિયાની કલ્પના પણ ન કરી શકાય, સંસારની ઉત્પત્તિ માટે સ્ત્રી પુરુષ મહત્વના પરિબળ છે. સ્ત્રી પુરુષ વિવાહના બંધનમાં બંધાઈ સંસારની ઉત્પત્તિ કરે છે.
વંશવેલો આગળ વધારે છે.

કુટુંબના સભ્યો વચ્ચે નું બંધન સામાજિક વંશવેલાના પાયા તરીકેનું કામ કરે છે.પરંપરાગત સમાજમાં સગપણનું મહત્વ સ્પષ્ટ હતું. જ્યાં કુટુંબમાં વંશ વારસો લગ્ન અને સામાજિક જવાબદારીઓ નક્કી કરવામાં આવતી. વંશવેલો વધારવા લગ્ન પ્રથાનો રિવાજ સૌએ સ્વીકારેલો છે?.સગપણ આધારિત વંશવેલો ઘણીવાર સામાજિક ગતિશીલતાને પ્રતિબંધિત કરે છે.

માનવી લગ્ન પછી સંતાનની ઝંખના કરે છે. વંશવેલો વધારવા માટે જેને સંતાન ન હોય તે મંદિરમાં જઈ પ્રાર્થના કરે છે આશીર્વાદ લે છે માતાજી પાસે બાધા આખડી પણ રાખે છે શેર માટેની ખોટ પુરવા પથ્થર એટલા પીર કરી વંશવેલો આગળ વધારવા ઈચ્છે છે.

વંશવેલા વિના જીવન વેરણ અને સ્મશાન લાગે છે.સુખ અને સમૃદ્ધિ વાળું ઘર વારસદાર માટે તરસે છે એટલે વંશવેલો આગળ વધે તે ખૂબ જરૂરી છે. ગરીબ હોય કે ધનવાન પોતાના વંશની વૃદ્ધિ ઈચ્છે છે.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 374**
વિષય : વંશવેલો
શીર્ષક : વંશવેલો
પ્રકાર : પદ્ય - શબ્દો :૮૬

વંશવેલો હશે,તો શું બધુ બરાબર હશે?
દિકરા-દિકરીઓ હશે,તો શું બધુ બરાબર હશે?
પૌત્ર- પૌત્રીઓ હશે,તો શું બધુ બરાબર હશે?
સાત સાત પેઢી ખાય એટલું હશે,તો શું બધુ બરાબર હશે?
ને જો બધુ બરાબર હોય,તો આ વૃધ્ધાશ્રમો કેમ હશે?
નિઃસહાય કાંપતા હાથ,ને ધ્રુજતાં આ પગ કેમ હશે?
ઓશિયાળા ચહેરા,ને રડતી આ આંખો કેમ હશે?
ઈશ્વર સમકક્ષ હોવું જોઈએ,એ રઝળતું કેમ હશે?

ઘનશ્યામસિંહ ડાભી"શ્યામ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 195**
વિષય : વંશવેલો
શીર્ષક : વંશ વૃષ્ટિ
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૫

હૈયામાં હેત ઘણુ ને વંશમાં વૃષ્ટિ
સારુ સંતાન સુધારે સકલ સૃષ્ટિ

નિર્મલ નર નારી એ નારાયણ તોલે
વંશ થાય વૃદ્ધિ, હોય નિર્મળ દૃષ્ટિ

એવું નથી કે પુત્ર "પું" નરકથી તાણે
પુત્રી પણ પવિત્ર છે ના કરો કુદ્રષ્ટિ

કરણી સારી તો કદી કોંઈ ના ભૂલે
સદાય ટકી રહેશે ત્રિકમ ની તુષ્ટિ

વંશ વધારવા વનમાળી ના ભુલાય
હરખાય હેત હૈયે વંશવેલાની વૃષ્ટિ

વાડ હોય તોજ અહીં વેલો ચડે છે
પડેલા બુંદની પવિત્ર હોય પૃષ્ટિ

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 375**
વિષય: વંશવેલો
શીષૅક : પૂવૅજ અને વંશજ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૪૭

" મેં તુમ્હેં ભૂલ જાઉં યે હો નહી સકતા ઓર તુમ મુજે ભૂલ જાઓ યે મેં હોને નહીં દૂંગા ." જ્યારે વંશવેલો શીર્ષક સાંભળ્યું ત્યારે આ ફિલ્મી ડાયલોગ યાદ આવ્યો . તમે વિચાર કરતા હશો કે આ ડાયલોગને વંશવેલા સાથે શું લાગે વળગે? તો આગળ આ લેખમાં મારી વિચારધારા પ્રસ્તુત કરું છું.

આ પૃથ્વી પર જન્મેલા બધા જ જીવોનો એક નિશ્ચિત આયુષ્યકાળ છે. આ સમયમાં મનુષ્યથી જેટલું બને તેટલું કાર્ય થાય છે પણ આખરે તો આ પૃથ્વીથી વિદાય જ લેવાની છે , તો શું મનુષ્યને અને બીજા જીવોને આમ લુપ્ત થઈ જવાનું સ્વીકાર્ય છે ? કદાચ ના , એટલે જ એમનામાં પ્રજનન એટલે કે'ષ્ઠિીટ્ટી' ની પ્રબળ ભાવના જન્મે છે. આપણા શાસ્ત્રો પ્રમાણે એ ગૃહાવસ્થાનો એક સંસ્કાર છે. પુરાતન કાળની પ્રથા પ્રમાણે શાસ્ત્રોમાં માવતર અને સંતાનોના અરસપરસ અધિકારો અને કર્તવ્યો છે. એ યુગ પ્રમાણે , પુત્રોને જીવન પછી કરવામાં આવતા સંસ્કારોની જવાબદારી અપાઈ છે. આથી પણ ઘણા લોકો સંતાનની ઝંખનાં રાખતા હોય છે.

વંશજ માત્ર સંપત્તિ સાચવવા માટેનું પાત્ર નથી પરંતુ માણસના કેટલાય પાર્થિવ અને આધ્યાત્મિક લક્ષણો / સંસ્કારો છાની અને દેખીતી રીતે પેઢી દરપેઢી સચવાય છે . આપણા હાડમાંસમાં કેટલાય પિતૃઓના અનુવાંશિક ગુણો સમાયેલા છે જેનું આપણને જ્ઞાન પણ નથી. ભલે ખુલ્લી રીતે એનું પ્રદર્શન ન થાય પણ આપણામાં ક્યાંક એના સંકેતો રહેલા છે. ઘણા ધાર્મિક કાર્યોમાં પણ વંશનાં વડીલોના નામો લેવાય છે.

થોડા વરસો પહેલાં મેં બીટ અને ઝુકીનીનો છોડ ઉગાડવા માટેનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો . બંનેના બીજ સરખા જ દેખાતા હતા. ત્રણ દિવસ પછી મેં જોયું કે રાઈ જેટલા બીટના બીજમાં ગુલાબી રંગનો અંકુર
ફૂટ્યો હતો . એ નાનો બીજ પણ એના પૂર્વજોના સંસ્કાર છુપાવીને બેઠો હતો. આ વાત મારા મનને સ્પર્શી
ગઈ . જેમ કોઈ અત્તર કે પરફ્યુમ સૂંઘો એટલે તરત એ ફુલની છબી તમારા માનસમાં ઉપસે છે એ જ પ્રમાણે મનુષ્ય એના વંશજોથી જીવિત રહે છે.

હવે તો વિજ્ઞાનની મદદથી પણ જે નૈસર્ગિક રીતે ન મેળવી શકતા હોય એવા દંપત્તિઓ પણ સંતાનસુખ મેળવી રહ્યા છે પણ કોઈને સંતાનસુખ ન મળે તો શું ? વારસો માત્ર સંપત્તિનો નથી , પણ આદર્શો અને સંસ્કારોનો પણ હોય છે. આજે જગતમાં ઘણા બધા લોકો એમના જીવનકાળ દરમિયાન પોતાના આદર્શો (ૈદ્વીર્દ્ગં૪ઙ્મજ) પ્રસ્થાપિત કરવામાં કાર્યરત છે, જેથી એમના આદર્શોને પણ વંશ મળી રહે. જેમાં એમની પ્રતિભા જળવાઈ રહે. વંશવેલો જળવાઈ રહે.

જાગૃતિ દોશી ( અમેરિકા )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.209**
વિષય- વંશવેલો
શિર્ષક-વંશ શાન કુટુંબની
પ્રકાર - પદ્ય અછાંદસ. શબ્દો - ૮૭

અંશમાંથી અંશ જન્મે,વધારે એ વંશવેલો
વંશવેલો વધતો,કુટુંબની શાન સાચવતો

પરંપરા સચવાતી,વંશવેલાનાં વધારવાથી
ન હોય વારસદાર કે વંશ,પૂર્ણ વિરામ અંહી

એક લગ્નથી ન વધે વંશ,લગ્ન કરે બીજા તુરંત
વંશજ જાળવે કુળની મર્યાદા,વંશજ રાખે નામ

કુળ પૂજાતું વંશવેલાથી,માગા,વંશવેલા જોઈને થાતા
કુળને ગામ પૂછાતાં,વિવાહ સંસ્કાર કરતાં પહેલાં

'સ્વધા'વંશવેલાનું સમજ મહત્વ,જેમાં હોય ખાનદાની
એ ખોરડાં પાંચમાં પૂજાય,મહત્વ વંશવેલાનું તો જ સમજાય.

લેખિકા- સુધા જે. પુરોહિત. સ્વધા હવાઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 353**
વિષય - વંશવેલો
શીર્ષક - ગુણવાન ને સંસ્કારી વંશવેલો
પ્રકાર - ગદ્ય શબ્દો- ૩૫૦

વંશવેલો એટલે કુળને આગળ વધારવું પણ વંશ એવો હોવો જોઈએ જે પેઢી દર પેઢી વંશનું માન સન્માનને એની ખુમારી અકબંધ રાખે એની આપ,બાન ને શાન એને યુગો યુગ એવી અકબંધ રાખે એમાં કલંક લાગવા ન દે એવો વંશ જો હોય તો એ વંશ વેલો આગળ વધારવો.પણ જો વંશમાં કોઈ એવો વ્યક્તિ જન્મ્યો જેને વંશને કલંક લખાવ્યું તો પછી વંશને યુગે યુગ એ કલંકના શબ્દો સાંભળવા પડે.

સંસ્કારી નાર ને નર હોય એના ગુણ વંશવેલા માં આવે એ કુળ કે વંશ સદાય સંસ્કાર ને ગુણ થકી અમર થઈ જાય.
વંશ જેમાં પેઢી દર પેઢી એના સંસ્કારો ને ગુણો અકબંધ રહે જન્મ લેનાર માણસ એ વંશના ઈતિહાસને જીવંત રાખે ને એ વંશને યુગો યુગ અમર રહે એવા કામ કરી એને દિપાવે એની નામના વધારે વંશવેલો દાદા પરદાદા એના પિતાના નામથી ઓળખાય છે. કારણ કે નર જેવી શૌયતા ને ખુમારી એમના આવનાર વંશ પર એના જીવનમાં દેખાઈ આવે છે.

પહેલા કુળમાં પુત્ર જન્મ થાય એ પછી એમના વહીવંચા એટલે કે બારોટ તેડાવે તેવો આવી જન્મનાર વ્યક્તિને જોઈને એના પરદાદા
આભાર - નિહારીકા રવિયા દાદા એમના નામ ગુણ ને સંસ્કાર કુળની ખુમારી એ બધું ગીત થકી ગાઈને પછી એ વંશ વેલાના ચોપડે એ વંશમાં જન્મ લેનાર નું નામ લખે એટલે કે જે વંશમાં જન્મલીધો એ વંશને આગળ વધારવો ને એમાં સારા સંસ્કારને ગુણોનું સિંચન કરીએ.
એટલે ઘણા કવિ ને લેખકો કહે છે.
"વંશ એવો ઉજળો, જેનો આવકાર મીઠો હોય,
નારી સંસ્કાર ઉજળા, જેના ખોરડે ખુમારી દાતાર,
વંશ એવો ઉજળો હોવો કે જેના ત્યાં પેઢી દર પેઢી મીઠો આવકાર હોય. જેના ત્યાં નારી કુળની આબરુ અકબંધ રાખે જેના સંસ્કાર ઉજળા હોય ને જેના ખોરડે દાતારી ને ખુમારી હોય એવો વંશ સદાય યુગ યુગ અમર થાય.
વંશવેલ વધારવી પણ એમાં ગુણ કે કોઈ ચારિત્ર્ય ન હોય કુળની આબરુ નારી સાચવતી ન હોય જેનામાં સંસ્કાર ન હોય જે ખોદડે આવકાર ન હોય ભલે પછી એનો વંશવેલો વધતો ઘણું માન સન્માન હોય એ છતાં પણ એ વંશ અધુરો લાગે.
વંશવેલો વધારવા માટે ઘણી માનતા બાંધા રાખે કારણ કે એમનાં કુળનો દિપક કુળ દિપક એના કુળને ઉજાગર કરશે પણ વંશવેલો ત્યારે ઉજળો થાય જ્યાં સંસ્કાર માન ને ગુણ હોય. વંશવેલો વ્યક્તિના ગુણ ને એના સંસ્કાર થકી ઓળખાય છે.વંશવેલો ગુણવાન ને સંસ્કારી હોવો જોઈએ.
પ્રકાશકુમાર.એમ.સોલંકી "એકાંત"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S N O:168**
વિષય: વંશવેલો
શીર્ષક: ભરખી ગયો કાળ વંશવેલાના વૃક્ષને
પ્રકાર: પદ્ય સંખ્યા:૧૦૭
ભરખી ગયો કાળ વંશવેલાના વૃક્ષને
ભરખી ગયો કાળ, વંશવેલાને વાયરસનાં જીવાણુ,
ભરખી ગયો વંશવેલાને, બુદ્ધિજીવીઓનો જાદું.

ખતમ થઈ ખમીરી, ખતમ થઈ વંશાવલી,
લગ્ન લગ્ન કુંવારા યુવાનો, જીવન જીવવું સારું લાગે છે.

હતો વંશરૂપી વેલો, કુળનો પરંપરાગત ફેલાવો,
આજે તે વૃક્ષ ખતમ થયો, વંશવેલાનું સમય કહે છે.

વંશવેલાને ખતમ કરવા, કુટુંબ નિયોજન સાક્ષી છે,
વંશવેલાને ખતમ કરવા, આજે સંસ્કાર નડ્યા છે.

હતો એક યુગ વંશવેલા નો, ઘરે ઘર વાહ વાહ ગુજતું હતું,
યાદ કરી હરખાતાં લોકો, ફલાણાભાઈ નો વંશ છે.

ખતમ થઈ ગઈ વંશવેલાની અમીરી, પરંપરાગતની,
સંસ્કાર બદલાયા, મરદાંગની બદલાઈ મનુષ્ય માણસની.

બલીહારી છે આ યુગનાં, યુવાનોની માણસાઈના,
આજે વૃદ્ધાશ્રમમાં વૃદ્ધો, મૃત્યુને ભેટી રહ્યાં છે.!?
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

# એકલો જાને રે

"તારી જો હાક સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે"

રવિંદ્રનાથ ટાગોરનું આ કાવ્ય કેટલો સુંદર સંદેશ આપે છે. તેના શબ્દે શબ્દમાંથી જાણે જીવનની વિણાનો સૂર સંભળાય છે. બધિર કાન પણ એ સંદેશને ઝીલી જીવન પ્રેરણાત્મક જીવી શકે ! જીવનનું સંગિત માણવું હોય તો એકલા જીવો. અરે ભલેને સંયુક્ત કુટુંબમાં રહેતા હોઈએ કે પતિ અને પત્ની બે જણા જીવતા હોય. જીવનમાં સાથ અને સહયોગ અતિ મહત્વના છે. ક્યારે ? જ્યારે બે જણા વચ્ચે સુયોગ હોય. દુનિયાની નજરે તમે સુખી હો પણ અંતરની આરસીના શબ્દો તમે જ ઉકેલી શકો .




દરેક સંબંધને એક સીમા હોય છે.
આવ્યા એકલા જવાના એકલા.
પોતાની જાત સાથે જીવતા શિખવું એ બહુ અગત્યનું છે. એ કળાને પ્રાપ્ત કરતા ઘણિવાર આખી જિંદગી હાથતાળી દઈ જાય છે. જેને કારણે તમને કદી ખોટા, નિરાશા જનક વિચારો નહી સતાવે.

એમાં અસત્યનું આચરણ અસંભવ ! જાત સાથે છેતરપીંડી કરશો નહી. અરે, થશે પણ નહી ! તમે આસ્તિક હોયા નાસ્તિક ,કોઈ ફરક નહી પડે ! તમે જુવાન, બાળક કે બુઢા હો, જાત સાથે આંખ મિચૌલી અશક્ય ! અંતરનો અવાજ દબાશે પણ નહી અને સાંભળ્યો ન સાંભળ્યો થશે પણ નહી ! તમને પળવાર પણ ચેન નહી પડે.

તમે એકલા હોવા છતાં પણ ક્યારેય એકલા હોતા નથી ! કેવું વિચિત્ર લાગે છે ને ? પણ તે સત્ય છે. ચાલો એક પ્રયત્ન કરીએ. તમે મોટા રિલાયન્સના સ્ટોરમાં ગયા છે. ત્યાં તમને ધારોકે ચાની ગરણી ગમી ગઈ ! ભાવ જોયો ૪૦૦ રૂપિયા. બાપરે . આજુબાજુ જોયું કોઈની નજર ત્યાં હતી નહી. અરે, નજર તો શું કોઈ વ્યક્તિ પણ ત્યાં હાજર ન હતી. ધીમેથી તમે સરકાવી દીધી, તમારી પર્સમાં. દિલ ધડક ધડક થતું હતું.

કેમ ?

તમને ખાત્રી હતી કોઈએ જોયું નથી. છતાં પણ તમારા મુખ પર ગભરાટની વાદળી રમી રહી હતી. દુકાનની બહાર નિકળતા પહેલા એ વસ્તુ તમે ગમે ત્યાં મૂકી દેશો. તમારો અંતરાત્મા તમારો મિત્ર છે. તમને ખોટું કામ કરતા રોકશે. તમારી સાથેની મૈત્રી તમને પ્રગતિના સોપાન સર કરાવશે. તમને કદી એકલતા સતાવશે નહી.

એકલા જવામાં ભયનું નામોનિશાન નહી જણાય. તમને કોઈ દગો આપી શકે જ નહી ! બાકી દુનિયાના સંબંધો વિશે ન પૂછો તો જ સારું. કરેલા ઉપકારનો આભાર માનવો તો બાજુ એ રહ્યો. તમને દુશ્મન ગણતા પલ ભરનો વિચાર પણ નહી કરે !

એકલા જવાની મોજ માણો. સાથી સંગે હોય તો જરા પણ વાંધો નથી. સાથ તો સુહાનો રહેવાનો. તેના પર બોજ નહી બનવાનું. સ્વમાં રાચતા શીખવાનું. કાલ કોણે દીઠી છે ?

એકલતામાં તું સાથ નિભાવ
તારી હસ્તીનો પરિચય કરાવ

એકલતામાં તું સાથ બિભાવ

પ્રવિણા કડકીયા,અમેરીકા

# નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવીની ફિલ્મ 'થાંડેલ' આ દિવસે રિલીઝ થશે




નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવીની ફિલ્મ 'થાંડેલ'ની અંતિમ રિલીઝ ડેટ જાહેર થઈ ગઈ છે. આ ફિલ્મ ફેબ્રુઆરી ૨૦૨૫માં રિલીઝ થશે.

નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવી અભિનીત બહુપ્રતિક્ષિત ફિલ્મ 'થાંડેલ'ના નિર્માતાઓએ મંગળવારે સાંજે ફિલ્મની રિલીઝ તારીખ નક્કી કરી છે. પ્રતિષ્ઠિત ગીતા આર્ટસ બેનર હેઠળ બાની વાસ દ્વારા નિર્મિત અને અલ્લુ અરવિંદ દ્વારા પ્રસ્તુત ચંદુ મોન્ડેતી દ્વારા નિર્દેશિત, ફિલ્મ 'થાંડેલ' પૂર્ણતાને આરે છે અને નિર્માતાઓએ મુખ્ય એક્ટર્સનું એક રોમેન્ટિક પોસ્ટર આઉટ કર્યું છે.

પોસ્ટરમાં સમુદ્રની પૃષ્ઠભૂમિ સામે નાગા ચૈતન્ય અને સાંઈ પલ્લવી વચ્ચેની રોમેન્ટિક કેમિસ્ટ્રી બતાવવામાં આવી છે. થંડેલ ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સ્ક્રીન પર આવશે. આ ફિલ્મ દેશભરના સિનેમાઘરોમાં આવવા માટે તૈયાર છે. આ ફિલ્મે રિલીઝ પહેલા જ ધૂમ મચાવી છે.

આ ફિલ્મમાં પ્રભાવશાળી ક્રૂ પણ છે, જેમાં સંગીત માટે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સંગીતકાર દેવી શ્રી પ્રસાદ, સિનેમેટોગ્રાફી સંભાળતા શામદત અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સંપાદક નવીન નૂલીનો સમાવેશ થાય છે. તે ચંદુ મોન્ડેતી દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત છે અને અલ્લુ અરવિંદ દ્વારા પ્રસ્તુત છે. ગીતા આર્ટ્સ બેનર હેઠળ બાની વાસ દ્વારા નિર્મિત, ફિલ્મનું સંગીત દેવી શ્રી પ્રસાદ દ્વારા રચવામાં આવ્યું છે, અને સિનેમેટોગ્રાફી શામદત દ્વારા કરવામાં આવી છે. કહી શકાય કે દર્શકોને આ ફિલ્મ ગમશે.

